PHONE : 2578501 * 215
FAX : (0281) 2586983

ફોન નં. : ૨૫૭૮૫૦૧ * ૨૧૫
ફેક્સ : (૦૨૮૧) ૨૫૮૬૯૮૩

# SAURASHTRA UNIVERSITY

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

(૨૧)

Office of the
Saurashtra University
University Road
RAJKOT - 360 005

Re-Accredited Grade 'A'
by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી 'એક્ઝામીનેશન ડિસિપ્લિનરી એક્શન કમિટિ' ના સર્વે સભ્યશ્રીઓને આથી જણાવવાનું કે જુલાઇ-૨૦૧૫ માં લેવાયેલ FIRST M.B.B.S. ની પરીક્ષામાં ગેરરીતિ/ગેરવર્તણૂંક આચરવાનો જેમની સામે આક્ષેપ છે તેવા પરીક્ષાર્થીશ્રી જાની શેખરભાઇ રતનભાઇ સુરેન્દ્રનગર કેન્દ્રના સીટ નં. ૩૮૨ ના કેસમાં નિર્ણય લેવા માટે આ કમિટિની સભા શુક્રવાર તા. 01/01/2016 ના રોજ બપોરે 1:00 કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ ખાતે મળી હતી જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ, કુલપતિશ્રી | હાજર |
| ૨ | ડૉ. ધીરેનભાઇ ડી. પંડયા, ઇન્ચાર્જ કુલસચિવશ્રી | હાજર |
| ૩ | શ્રી કિરીટભાઇ એમ. પાઠક-નાયબ કુલસચિવશ્રી (લીગલ) | હાજર |
| ૪ | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૫ | ડાયરેક્ટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૬ | એડીશનલ ડાયરેક્ટરશ્રી, તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૭ | પ્રા. વર્ષાબેન છીછીયા | ગેરહાજર |
| ૮ | ડૉ. ભાવિનભાઇ એસ. કોઠારી | હાજર |
| ૯ | શ્રી નેહલભાઇ શુક્લ | ગેરહાજર |
| ૧૦ | ડૉ. વિજયભાઇ પટેલ | હાજર |
| ૧૧ | શ્રી ગિરીશભાઇ ભીમાણી | ગેરહાજર |
| ૧૨ | ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૧૩ | શ્રી મેહુલભાઇ રૂપાણી | ગેરહાજર |
| ૧૪ | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૫ | ડૉ. આર. ડી. વાઘાણી | હાજર |
| ૧૬ | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૭ | શ્રી અનિરૂધ્ધસિંહ પઢીયાર | ગેરહાજર |
| ૧૮ | શ્રી પ્રશાંતભાઇ ચાવાલા | ગેરહાજર |
| ૧૯ | ડૉ. મનીષભાઇ મહેતા | ગેરહાજર |
| ૨૦ | શ્રી જે. પી. જેસવાણી | ગેરહાજર |
| ૨૧ | ડૉ. અમીત આર. હપાણી | ગેરહાજર |

સુરેન્દ્રનગરની સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં FIRST M.B.B.S. માં અભ્યાસ કરતા રોહનભાઇ ચેતનભાઇ જાનીએ સુરેન્દ્રનગર કેન્દ્રના સીટ નં. ૩૮૨ થી જુલાઇ-૨૦૧૫માં પરીક્ષા આપેલ હતી. સદરહુ પરીક્ષાનું પરીણામ તા.૧૭/૦૯/૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવેલ હતુ. સદરહુ વિધાર્થીના સંદર્ભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માન.કુલપતિશ્રીને સંબોધીને સી.યુ.શાહ મેડીકલ કોલેજના વિધાર્થીઓએ તા.૧૬/૧૦/૨૦૧૫ તારીખના પત્રથી રજુઆત કરી હતી કે સદરહુ વિધાર્થીએ પોતાના માર્કસ વધારવા માટે અયોગ્ય રસ્તાઓ અપનાવી ઉતરવહીમાં ઓળખ છતી થાય. તે રીતની નિશાનીઓ કરી અને આ નિશાનીઓના કારણે પેપર તપાસનાર પરીક્ષક નું ધ્યાન દોરી શકાય તે મતલબની નિશાનીઓને કારણે વધારે માર્કસ (ઓવર એસેસમેન્ટ) નો લાભ પ્રાપ્ત થઇ શકે તે માટે નિશાનીઓ કરેલ છે.

માન.કુલપતિશ્રીએ આ પત્રની રજુઆતના અનુસંધાને પરીક્ષા વિભાગને સુચના આપી સદરહુ વિધાર્થીને FIRST M.B.B.S. ની પરીક્ષાની બાર(૧૨) ઉતરવહીઓ અલગ કરાવવી અને આ ઉતરવહીઓમાં રજુઆત કરવામાં આવેલ તે પ્રકારે ઓળખ છતી થાય તેવી નિશાનીઓ ઉતરવહીઓમાં દરેક પ્રશ્ન પુર્ણ થયે નિશાની કરેલ હતી. તે ઉપરાંત પરીક્ષાની સામે FIRST M.B.B.S. SEM-2 લખેલ છે જયારે M.B.B.S. અભ્યાસક્રમમાં સેમેસ્ટર સીસ્ટમ નથી આમ ઓળખ છતી થાય તેવો પ્રયત્ન કર્યા નું પ્રમાણિત થાય છે. તેથી માન.કુલપતિશ્રી સમક્ષ કરવામાં આવેલ રજુઆતને ધ્યાનમાં લઇને પ્રથમ દર્શનીય રીતે ફરીયાદમાં વજુદ જણાતા માન.કુલપતિશ્રીએ બાહ્ય પરીક્ષકો પાસે આ બાર ઉતરવહીઓનું ફરીથી મુલ્યાંકન કરાવવાનો નિર્ણય કરેલ હતો. ત્યારબાદ બાહ્ય પરીક્ષકોના એસેસ્મેન્ટ બાદ પ્રથમ પરીણામ સાથે સરખામણી કરતા ઘણો મોટો તફાવત માર્કસમાં જોવા મળતો હતો. અને તેથી પરીક્ષા વિભાગે સદરહુ વિધાર્થી સામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઓર્ડીનન્સ મુજબ ઇડીએસી. સમક્ષ આગળની કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લીગલ વિભાગે સદરહુ વિધાર્થીને તા.૦૧/૦૧/૨૦૧૬ના રોજ તેણે આપેલ પરીક્ષાના સંદર્ભમાં બાર ઉતરવહીઓમાં ઓળખ છતી થાય તે પ્રકારની નિશાનીઓ કરવામાં આવેલ છે તે મતલબના આક્ષેપ સાથે કુદરતી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણે બચાવની પર્યાપ્ત તકો મળી રહે તે હેતુ થી રૂબરૂ રજુઆત કરવાની તક આપેલ હતી. શ્રી જાનીને કમિટિએ તેની ઉતરવહીના પ્રથમ પાના પર પ્રથમ એમ.બી.બી.એસ.માં સેમેસ્ટર પધ્ધતી નહી હોવા છતા પણ ઉતરવહીમાં સેમેસ્ટર-૨ શા માટે લખેલ છે ? તેવો પ્રશ્ન પુછયો હતો તેનો સંતોષકારક જવાબ શ્રીજાની આપી શકયા ન હતા. તેમજ શ્રીજાનીને બારેય ઉતરવહીમાં દરેક પ્રશ્નના અંતે XOX ની નિશાનીઓ શા માટે કરેલ છે ? તેવો પ્રશ્ન પુછતા શ્રીજાનીએ પ્રશ્ન પુર્ણ થયેલ હોય તેથી નિશાની કરેલ હતી તેવો જવાબ આપેલ હતો અને મારો ઇરાદો આ નિશાની ધ્વારા ઓળખ છતી થાય તે પ્રકારનો ન હતો તેવો જવાબ આપેલ હતો.

(૨૯)

કમિટિએ વિધાર્થીની રૂબરૂ રજુઆત અને કમિટિએ પુછેલ પ્રશ્નોના પ્રત્યુતર ધ્યાને
લીધા હતા અને મેડીકલ જેવી અતી અગત્યની અને મહત્વની વિધાશાખામાં અયોગ્ય રીતે
નિશાનીઓ ધ્વારા વધારાના માર્કસ મેળવવા નિશાનીઓ કરેલ હોય તેવુ જણાય છે. અને
વિધાર્થીને ધોરણ-૧૨ સાયન્સમાં ૮૦ ટકા માર્કસ થીયરીમાં આવેલ હતા અને વિધાર્થીની
શૈક્ષણીક કારકીર્દીને ધ્યાનમાં રાખીને કમિટિએ આ કેસનો સંપુર્ણ અભ્યાસ કરતા પુખ્ત
વિચારણાને અંતે એ મતલબના નિર્ણય ઉપર આવેલ છે કે શ્રીજાની એ ઓળખ છતી થાય
તેવી નિશાનીઓ કરેલી છે. તે ધ્યાનમાં લેતા અને શ્રીજાનીની શૈક્ષણિક કારકીર્દીને ધ્યાનમાં
લઇને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા બાહ્ય પરીક્ષકો પાસે કરાવવામાં આવેલ દ્વિતિય
એસેસમેન્ટ મુજબનું પરીણામ ઓર્ડીનન્સ-૧૭૩ની જોગવાઇ પ્રમાણે સુધારવું અને ફરીથી
સુધારેલુ પરીણામ બહાર પાડવુ અને અગાઉ બહાર પાડેલ પરીણામ રદ કરવુ અને
વિધાર્થીએ પોતાની FIRST M.B.B.S. ની અસલ માર્કસીટ પરીક્ષા વિભાગમાં રજુ કરી
કમિટિના નિર્ણય મુજબ નવી માર્કશીટ વિધાર્થીને અને વિધાર્થીના સુધારેલા પરીણામની
જાણ સબંધીત કોલેજને કરવા પરીક્ષા વિભાગને જણાવવું.

ઇન્ચાર્જ કુલસચિવ

નં.ક્રમાંક/લીગલ/ ૬૦૯ /૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૦૪/ ૦૧/૨૦૧૬

પ્રતિ,
એકઝામીનેશ ડીસીપ્લીનરી એકશન કમિટિના સર્વે સભ્યશ્રીઓ તરફ

નકલ સાદર રવાના:-
૧. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,
૨. કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૩. પરિક્ષા નિયામકશ્રી